ગુજરાતી બીજી ચોપડીના

કઠણ શબ્દોના

અર્થ.

છપાવી પ્રકટ કરનાર

એક વિદ્યાર્થિ

ત્રીજી આવૃત્તિ

મુંબઈ.

ઇમ્પીરિયલ પ્રેસમાં

મી. નવરોજજી ફરામજીએ છાપી

સને ૧૮૭૦.

કિંમત ૨ આના.

ગુજરાતી બીજી ચોપડીના

અર્થ

પાઠ ૧.

વાંચનારને શીખામણ.

ઉકેલતાં=વાંચતાં, ઓળખતાં.
શીખામણ=સલાહ, શિક્ષા, ઉપદેશ.
મજાની=સારી, સારદેખાવની.
સાચવજો=જાળવજો, સંભાળજો
બોલીએ=ઉચ્ચારીએ, કહીએ, વદીએ, ભાખીએ.
અક્ષરે=દસ્કતે, હરફે.
આવડ્યા=શિખ્યા.
સાંભળે=સુણે.
બગાડશો=ખરાબ કરશો, મેલું કરશો.
વાહ=આહા, ઓહો, વાહવા.
પૂરા=સઘળા, બધા.
મેહેનત=શ્રમ, ઉદ્યમ, કષ્ટ.
ઠીક=બરોબર, જોઈએ તેવું, સારૂં.
તાણીને=મોહોટેથી, ઘાંટા કહાડીને.
છેક=ઘણુંજ, બેહદ.
સાદે=અવાજે, ઘાંટે.

પાઠ ૨.

ચોપડી વિષે કવિતા.

શોભાય=સારી દેખાય, સુંદર દેખાય.
કારજ=કામ, મતલબ.
હૈયું=મન, ચિત્ત, હૃદય, કાળજું.
ચોપડીયો=પુસ્તકો, પોથીઓ, ગ્રંથો.
હરખાય=ખુશી થાય, રાજી થાય, મગન થાય,
સમજણ = અક્કલ, ડહાપણ, બુદ્ધિ.
વીગતેથી=વીગતવારથી, બરાબર રીતથી
સાર=મતલબ, ફાયદો, હાંસલ.
દેખી=જોઈ, નીહાળી, ભાળી.
જીવધાલીને=ધ્યાન રાખીને, મન ગાળીને.
વિચાર=મનસૂબો, કલ્પના, તર્ક.
સઘળો=બધો, પૂરો, તમામ.

પાઠ ૩.

ચકલીની વાત.

ભાગ ૧.

લાવ્યો=આણ્યો, લેઈ આવ્યો.
પૂછ્યું=સવાલ કીધો.
ગણ્યા=રાજન.
તપેલામાં = ટોપમાં, પતેલામાં.
બારણામાં=દ્વારમાં, દરવાજામાં, કમાડમાં.
પેસાશે=મવાશે, જવાશે, અવાશે.
બોલ્યો=ઉચ્ચાર કીધો, વદ્યો, કહ્યું.
પોટો=ચીંપ, લુગડાનું ચીંદરડું
ખીચડી=દાળ ચોખા ભેળા કરીને જે કરે છે તે.

ઓરીને =નાખીને, રાંધીને.

આંખો આવીછે= આંખો દુખેછે.

પાઠ ૪.

ચકલીની વાત— ભાગ ૨.

ફરિયાદ =રાવ, અરજ.

એકલાં=એકજ

પકડાવી=ધરાવી.

મગાવ્યો=અણાવ્યો, બોલાવ્યો.

મહારાજ= બાપજી, સાહેબ, રાજાજી.

ગભરાઇને=અકળાઇને, બીહીને.

હુકમ=આગ્ના.

કહ્યું=બોલ્યો.

ફાડીને=ચીરીને, કાપીને.

માં=નહી. ના.

રીસ=ચીડ, દાઝ.

પાઠ ૫.

ચકલીની વાત.

ભાગ ૩.

બૂમેબૂમ = હોકાર, બરાડા.

ગોવાળીઓ=ગાયનો ચરાવનાર.

ગોવાળ=ગાયનું ટોળું, ગોવાળીયો.

છેવટ=આખરે, અંતે, છેલ્લે, છેડે.

બકરાંનો=બકરી તથા બકરાનો.

ગોવાળણી= ગોવાળીઆનીબાયડી.

વાળ્યો=દીધો, આપ્યો, કહ્યો.

કાડયો=બહાર આણ્યો.

કાણો=એક આંખે આંધળો.

ખીર=દુધપાક.

પોળી= પાતળી રોટલી.

બાપા=બેન, બાઇ.

પાઠ ૬.

ચકલીની વાત— ભાગ ૪.

તપાવી= ગરમ કરી, ઉનીકરી.

પાટલા=બેસવાને કરેલાં પાટીયાં.

ઢૂસ્યાઇ = ખંધાઈ દોંગાઈ, લફંગાઇ

ઠોકયો=માર્યો, ટપેર્યો

લાલચોળ=ઘણીજ લાલ.

બોલતાં=કેહેતાં, વદતાં.

દોરીગઈ=દોરવી ગઇ હાથ ઝાલીને તેડી ગઈ.

ખૂબ=ઘણુંજ અતિશે, જાસક.

વાંકનું=ગુનાનું, તકશીરનું.

ફળ=નફો, ફાયદો, હાંસલ.

પાઠ ૭.

બહુ ખાનારી છોડી

ગાગર=મોહોટો ઘડો.

ઓસડ=દવા, ઉપાય.

ઝેર = વીખ, કડવી ચીજ.

સાજી= સારી, ઠીક.

ખોટી=નઠારી, ખરાબ, જુઠી.

ભરાય=તૃપ્તથાય, ધરાય, તર થાય.

માને= ગણકારે, લેખે, કહ્યું કરે.

જેવડું=જેટલું.

જેવાં=સરખાં.

લગણ=સુધી, વેર.

પાઠ ૮.

વરસાદનું ગીત.

વરસાદ=મેઘ,મેહ.
ઘેગરીઓ = ઘેગાર જેવો.
પ્રસાદ = ભોજન, નૈવેદ.
કારેલાનું=એક જાતનું કડવું શાક છે તેનું.
ગીત= રાગ, ગાયન.
દેડકે=દેડકાએ.
ગાજો=રાગ કાહાડી ને વાંચજો.
શીખવું=બતાવું, સમજાવું.
સમજોછો=અર્થ જાણોછો.

પાઠ ૯.

ઘોડો.

એકજ=સરખું જ.
જણસ=ચીજ,વસ્તુ
ટટુ=નહાનો ઘોડો.
મસાય = સ્વાર થવાય.
પારકો = બીજાનો, અતરાપીનો.

પાઠ ૧૦.

પાડું—ભાગ ૧.

જાળવે = સંભાળે, ફીકરલે.
રાતે= રાત્રે,દીવા થયા પછી.
પટેલ=કણબી, ગામનો કારભારી.
નારે=મુકે, મેલે.
સંભાળ = ખરદાશ, જતન.
જતન=સંભાળ.
જક્કી=મમતી,હઠીલું,
વાછરડું=ગાયનું બચ્ચું.
વાડો=ઘરની પાછળનો ખુલ્લો ભાગ.
ચારો=ખોરાક.
માંદુ પડે=આજારી થાય.
ઓસડ=દવા.
વેસડ=ઓસડનાજેવું કંઈ બીજું.
ચરવાને=ચરાવવાને
થાકીજાય=હારી જાય,કંટાળીજાય.
ઉંચકીને=પકડીને.

પાઠ ૧૧.

પાડું—ભાગ ૨.

ચેન = સુખ, ગમ, આરામ, નિરાંત.
અહીંઆંથી=આડે કાણેથી.અહીંથી
બંધીખાને=કેદખાને તુરંગમાં.
ફરાય=જવાય.
વીચાર=મનસુબો.
વાંસે=પાછળ,પુઠે.
નીસરી=નિકળી,જતી રહી.
લાગ=દાવ, તક, પ્રસંગ.
સમજાવ્યું=અકલ આપી,શીખવ્યું.
છુટું=કોઇના તાબામાં નહીં એવું.
પેલું=ગાંડું,બેવકુફ.

પાઠ ૧૨.

પાડું—ભાગ ૩.

ફાવ્યો= મળ્યો, જડયો, આવ્યો.
અણસમજ=અજ્ઞાન,વગરઅકલનું
વગડામાં = રાનમાં, જંગલમાં,વનમાં
કોતર=ગુફા,બખોલ.
સટકીગયું=જતું રહ્યું,નાશી ગયુ.
ડાહ્યો=શાણો, સમજુક,અકલવંત.
ઊંઘીગયાં= નિદ્રાવશ થયાં, પોઢયાં.
છાનુંમાનું=ગુપચુપ કોઇ ન જાણેતેમ.
અંતે=છેવટે,આખરે, છેલ્લે

માનવી=કહ્યું કરવું.
ભલું= સારૂં, કલ્યાણ, રૂડું.
પાડોશી= જોડે રેહેનાર, સાથે વસનાર.

પાઠ ૧૩.

પાડા વિષે કવિતા.

છેક=ઘણુંજ.
વાઘ=માંસ ખાનારૂં ચોપગું જાનવર.
માન્યું=થયું, કબુલ કીધું.
વાસ= થાનક, રેહેઠાણ.
ચરવાને=ખાવાને.
પ્રાણ=જીવ, આત્મા.
વનમાં=રાનમાં, જંગલમાં.
દુખીડું=દુખી, દુખવાળું.
ચિત્ત= મન, દીલ.
અવસ્થા=દશા, હાલ, વલે.
વળતાં=પછી.
અજાણ= ઓચિંતુ. એકાએક.

પાઠ ૧૪.

માટીનાં વાસણ.

પલાળેછે=ભીંજવેછે.
ચીકણી= ચીકાસવાળી, ચોંટે એવી.
ઠીકરાંનાં= માટીનાં.
ભરવાના=ઘાલવાના
અવરેહે = જમાવે-ઠારે.
જાત=તરેહ, ભાત.
ગોરસ= દુધ જમાવવાનું હાલ્લું.
કોડીઆં=દીવા કરવાને ઠીકરાનાં બનાવેલાં તે.
નરમ= પોચી, સુંવાળી.
કામની=ખપની, ઉપયોગી.
દોહણી=છાસ વલોવવાનું વાસણ.
કોઠીઓ = ઠિકરાંનું દાણા ભરવાનું મોહોટું વાસણ.

પાઠ ૧૫.

છોકરાં ને દેડકાં.

પાળે=કીનારે, કોરણે.
વાગ્યા=લાગ્યા.
બગાડ = ખરાબી, નુકસાની, હાણી.
ફેંકવા=નાખવા.
કાયર=કંટાળીને, થાકી જઈને.
મંડયા= લાગ્યા, શરૂ થયા.
તળાવ=ચારે બાજુ બાંધેલો ખાડો.
પથરે=પાણાએ.
જવાબ=ઉત્તર.
પડાપડ = ફડાફડ, એક ઉપર એક.
કશોએ= કંઈ પણ, જરાએ.

પાઠ ૧૬.

જમની ને કાશી.

ભાગ ૧.

બેનપણી = સાહેલી, સહીઅર.
નોતરૂં= આમંત્રણ, તેડું.
ભુંગળી=ફુંકણી.
વેલણ=રોટલી વણવાને લાકડાનું. બનાવેલું તે.
તપેલી=પતેલી.
કડછી=નહાનો દોયો
તાસક=તાસ, રકાબી, છીબું.
વખત=વેળા સમય.
છોડી=છોકરી.
રાંધું=રસોઈ કરૂં.
તેવડે=તેથી, તેનાથી.

પાઠ ૧૭.

જમનીને કાશી.—ભાગ ૨.

મણા=કસર, ખામી, ખોડ, ખાપણ.
ધાણી=શેકેલીજુવાર બાજરી વગેરે.
ખાવાનું= ખાવાની ચીજ,ચવેણું.
પહુંઆ=શેકીનેખાંડેલા ચોખા.
ભાંડવું=ગાળ દેવી.
ટેવ = ચાલ, રીત. આદત.

પાઠ ૧૮.

જમનીને કાશી.—ભાગ ૩.

છોટીઓ= નહાનો છોકરો.
નાનું= નાદાન.
બાળક= બચ્ચું.
મેળાપ =ભેટ, મુલાકાત
દેખાય =જણાય, માલમ પડે.
ભાણો= બેનનો છોકરો.
આટલી=એટલી.
વાર=વખત, સમય
રોતોહતો = રડતો-હતો.
રમત=ખેલ,ગમત.

પાઠ ૧૯.

જમીનને કાશી—ભાગ ૪.

નિશાળીઆ=વિદ્યાર્થિ.
કુદાવતી=દોડાવતી.
લાકડી=કાઠી, જાડી સોટી.
ભણેલા=વિદ્વાન. હોંશીઆર.
પરીક્ષા=કાગેટી, તપાસ, તલાસ.
ઇનામ = શીરપાવ, બક્ષિસ.
સાહેબ = જાંગલો, અંગ્રેજ, સોજર.
બાકી=બાકી રહેલા

પાઠ ૨૦.

છોકરો ને ચોર.

ઉતાવલ=તાકીદ,જલદી.
અલ્યા=એ, ઓ.
સામટું=સઘલું,બધું
નીકળ્યા=નિસર્યો,બહાર આવ્યો.
ગાગર=પાણી ભરવાનું વાસણ.
મૂઠો=ખાચકો.
સાંકડું=ન્હાનું.
જણ=સખસ, માણસ.
પડતાંમુક = છોડીદે, પાછાલાખ.
ઝટ=જલદી, તાકીદથી.
ફેરે=વારે વખતે.

પાઠ ૨૧.

સાતપૂછડીઓ ઉંદર

પૂછડીઓ = પૂછડીવાળો.
બાંડો=પૂછડી વગરનો.
ખીજવવું=ચીડવવું, કાયર કરવું.
કપાવી=વહડાવી.
હજામ=નાવી,વાલંદ
ચીડવે=ખીજવે.
બેટા=દીકરા, બાપુ, બાપ.

પાઠ ૨૨.

હાથ.

કામકાજ=ધંધો. કારભાર.
સાંધા=કકડાને જોડેલા તે.

દરજી=મેરાઈ, લુગ-
ડાં શીવનાર.
કલમ=લેખણ.
કોદાળી= ખોદવાનું
હથીઆર.
બિચારો = બાપડો,
બચારો.
ધોબી= કપડાં ધો-
નાર.
અક્ષર=હરફ,દશકત.
વાળવા=મરડવા,વાં-
કા કરવા.
ગજનૂર= હેલકરી,વૈ-
તરો.
બાઇડીઓ=સ્ત્રીયો.
સૂતર=રૂને કાંત્યાથી
જે દોરા થાયછે
મોતી=દરીયાઈ શીપ
માંથી જે જણસ ની
કળેછે.
ખપ=ગરજ.
કાંતેછે=સુતરનાવળ-
વાળા દોરા કરેછે.
ઝાલીને=પકડીને.

પાઠ ૨૩.

નિશાળીઆને શી-
ખામણ.

ધ્યાન=મન, ચિત્ત.
પાંસરા=સીધા, પા-
ધરા.
ફેરો= આવ જાવ-
ફેરો.
વેળાસર=વખતસર.
માયા=પ્યાર, હેત.
મન=ચિત્ત, ધ્યાન
વઢવું= લડવું, ટંટો
કરવો, કજીયો
કરવો.
ભૂલ= ચૂક, ખોટ,
ખામી.
કદી= કદાપી, કોઇ
વખત.
છૂટી=રજા-

પાઠ ૨૪.

નિશાળીઆને શી-
ખામણની

નિત્યે=રોજ, હમેશાં.
નીસરી=નીકળી.
ચિત્ત=મન ધ્યાન.
રૂડી=સારી, બરાબ-
ર, ઠીક.
પેર=પેઠે, માફક.
ગુરૂની= મેહેતાજીની
શિક્ષકની.
ચોડી=બેસાડી, ચો-
ટાડી.
શીક્ષા=શિખામણ.

પાઠ ૨૫.

બકરીની વાત.—
ભાગ ૧.

વિઆવાની = જણ-
વાની, ભારેવઇ.
ગાડાવાળો = ગાડી-
વાન.
રોકીને= અટકાવીને,
ઘેરીને.
નીચે=તળે, હેઠળ.
વિચાર્યું=ધાર્યું,ગન-
સુબો કીધો.
રસ્તો=માર્ગ, વાટ.
ઠેકાણું=ઠામ,જગ્યા,
થાનક.
બિચારે=બાપડે.
ગામનો=ગામડાનો.
માટલું=હાંલ્લું.

પાઠ ૨૬.

બકરીની વાત.—
ભાગ ૨.

શેરડીનું=એકજાતના
ગળ્યાસાંઠાનું.
ટોપલી=નહાનોટોપ-
લો, કંડીયો.
નળીઆં=છાપરા ઉ-
પર મુકવાને
આવેછે તે.
કોપરાં=ટોપરાં.
ભીંતો=કરા,દીવાલો.

છાપ્યું= છાયાકીધી, ઢાંક્યું.
દાણા=અનાજ.
માર્ગ=રસ્તો, વાટ.
છાપરૂં=ઘરનું ઢાંકણ.
કાઢીને= માંહેથી બહાર એંચીને.
ભારો=બોજો.
રોકીને= અટકાવીને, કબજે કરીને.
કનેથી=પાસેથી, સોડેથી.
વળતી=પછી.
ડાંડા=જાડી લાકડી.
વીઆઇ=જણી.

—

પાઠ ૨૭.

બકરીની વાત.

ભાગ ૩.

કમાડ=બારણું, દ્વાર દરવાજો.
ભીતરડી=ભીંત, કરો, દીવાલ.
ઉઘાડશો= ખોલશો.
છાયાં=મુક્યાં, ઢાંક્યાં કેરાં=નાં.
રખડવા=રઝળવા, ભટકવા.
બારણાં=દરવાજા.
આકું=જક્કી, હઠીલું.
તાણીને=બંધ કરીને, ભીડી, દઇને.
વશે=ગત, હાલ, દશા
આમ=એ રીતે, એ પ્રમાણે.

—

પાઠ ૨૮.

બકરીની વાત.

ભાગ ૪.

અમથી=ખોટી, બનાવટની.
બહાર=બારણે.
આકું=હઠીલું.
આવડતું = ખબરવાળું.
રઝળવા = રખડવા, ભમવા.
સુખી= મગન, આનંદી, ખુશ.
જોડેલી= બનાવેલી, રચેલી.
સમજ=અક્કલ, સમજણ.

—

પાઠ ૨૯.

રોતો છોકરો.

સવારમાં=મળસ્કામાં, પ્રભાતમાં.
તહોર= નખોરીઆં.
પોહોળું= ઉઘાડું, ખુલ્લું.
ચોપડયાં= લગાડયાં
તાણતો=કહાડતો.
ભેંકડો=મોહોટે ઘાંટેથી રડવું તે.
ઉંદરડી=ઉંદરનું બચ્ચું.
લાહે = આગ, અગન.
ઓસડ=દવા.

—

પાઠ ૩૦.

તાંબાં પીતળનાં વાસણ.

તાંબાકુંડીઓ=તાંબાની કુંડીઓ.
ઘોળાશપર = જરાધોળા.
અથડાય=અફળાય, ઠોકાય.
માંજેલાં = ઉડકેલાં, ઘશેલાં.
પીતળનાં=તાંબુ અને જસત એ બે ધાતુને ગળવીને કરેલી ધાતુનાં.
સાચવવાં=જાળવવાં
ગરગાં=રાંધેલું ધાન્ય ઢાંકી રાખવાને વાસ્તે વગર કોરણનાં તપેલાં.
ગોબાય= ખાડાપડે.

ચળકતાં=પ્રકાશતાં.
કથરોટ = મોહોટી
થાળી.
લોટી=કસલી.
તપેલાં=પતેલાં.
થાળીઓ = તાસકો,
ખુમચાઓ.
વાડકા=મોટીવાટકી
તાસકો= રકાબીઓ.
કાંસાના=તાંબુ અને
કલાઇની મેળવ-
ણીમાં જે ધાતુ
થાયછે તેનાં.
કદાચ = કવચિત,
કોઇ વખત.

પાઠ ૩૧.

લૂગડાંનાં નામ.

નાગીશી=નહાની સ
રખી.
પોતડી=ધોતડી, ફા-
ળીયું.
પિછોડી=ખેસ,દુપટો.
હીરકોરી=રેશમી કોર
નું.
પાઘડી=માથે પેહેર-
વાનું લૂગડું.
હલકી=થોડી કીમ્મ-
તની.
જામદાની= એકજા-
તનું કપડું.
અંગરખી = નહાનો
અંગખો.
નામા=નામ.

પાઠ ૩૨.

ગાય.

વાગોળવું = ચાવેલું
પાછું મોહમાંલા-
વી ચાવવું તે.
માખણ = છાશની-
ઉપરજે ચીકાશ
થાયછે તે.
ખરીઓ=પશુના પ-
ગના નખ.
હલાવે= ઊંચા નીં-
ચા કરે.
ફાટ=ચીર, ફાડ.
ભાવે= સ્વાદલાગે,
સારૂં લાગે.
ખખ=એમ.
છાશ=દહીંમાં પાણી
રેડી વલોવેલી-
ચીજ.
દહીં=દૂધને આધ્રુકયા
થી જે બનેછે તે.
ઘી=માખણ તાવે-
થી જે ચીકણી
પ્રવાહી નિકળે-
છે તે.
ગોધો= સાંઢ, આ-
ખલો.

પાઠ ૩૩.

ગાયની કવિતા.

ગુણ=ફાયદો.
આધાર=આશરો.
અગણિત= બેસુમાર
ગણાય નહીં એ-
ટલું.
પશુ= જાનવર, હે-
વાન.
ખાંતે=ખુશીથી, હોં-
શથી.
પ્રાણ=આત્મા, જી-
વ.
જન=માણસ, મ-
નુષ્ય.
જન્મતી=પેદા થતી.
પંખી = પાંખવાળા
જાનવર.
સુખદાતા=સુખકર-
તા, સુખઆપ-
નાર.
નર=પુરૂશ, માણસ.
નાર=બાયડી, સ્ત્રી.
દેછે=આપેછે.
વાર=વખત.

પાઠ ૩૪.

દુધની જણસો.

દુધપાક=ખીર.
વલોવે=રવેથીહલાવે.

ચાસણી=ચાસ.
બુરૂં=ઘોયલી ખાંડ.
દારે=તહાડું પાડે.
માવો=દુધની બનાવેલી ચીજ.
પેંડા=દુધની લાંબુ જેવડી ચીજ.
તાવીને=ઉનું કરીને, ગરમ કરીને.
બરફી=એક જાતની બનાવેલી દુધની મીઠાઇ.
લાચો=લુઓ.
ખડગાં=ચોસલાં.
ચીકનું=ચીકાશવાળું.
જામીજાય=બંધાઇજાય.
રાંધીને=બાફીને.
ભેલીને=એકઠું કરીને
ખટાશ=ખાટીચીજ

પાઠ ૩૫.

જુઠાની વાત—ભાગ ૧.

લેખણ=કલમ.
સંતાડીને=છુપાવીને
છાનામાના=ચુપચુપ
પડેલી=પડી ગયલી.
માન્યું=કબુલ કર્યું.હા પાડી.

ટેવ=ચાલ.

પાઠ ૩૬.

જુઠાની વાત—ભાગ ૨.

પાવલી=ચાર આનાનો રૂપાનો શિક્કો.
માનવું=કબુલ કરવું, હા કેહેવી.
ચોરીને=છાનામાના લેઈ જઇને.
લટકાવી=ટીંગાવી, ટાંગી.
કોટ=ડોકું, ગળું.
ફજેતી=બેહુરમત, ગેર આબરૂ.
કને=પાસે, સોડે.
વલે=હાલ,વેતરણ.

પાઠ ૩૭.

જુઠાની વાત—ભાગ ૩.

દીકરાની=છોકરાની
વાળુ=રાતનું ખાવાનું.
વઢવું=લડવું, ધમકાવવું.
પેહેલાં=અગાઉ.
શરમાયો=લજવાયો, ઝંખવાયો.

સોંપ્યો=હવાલે કર્યો, હસ્તક કીધો.
હવાલ=હાલ, દશા.

પાઠ ૩૮.

જુઠને સાચ વિશે કવિતા.

કદી=કોઈવાર, કોઇવખત.
ઉપાય=ઇલાજ.
પાપી=દુષ્ટ.
સ્નેહ = ચાહ, હેત, પ્યાર.
દેહ= અંગ, શરીર, તન.
રાચે=ખુશીથાય, રાજી થાય.
શોભે=સારી દેખાય.
જગપતિ=ઈશ્વર, પરમેશ્વર.
પુરા=બધા, તદન.
સૌનો=બધાનો.

પાઠ ૩૯.

મેવો.

ગેવો=બદામ, ચારોળી, વગેરે.
ગાંધીની = વસાણાં વેચનારની.
બદામ=એક જાતનુ ફળ.

દુકાન=હાટ, વખાર.
ઓળખીતો=જાણીતો, પીછાનવાળો.
દરાખ } એકજાતનો
કાજુ } મેવોછે.
વાટી=કોપગના ગોટાનો અડધો ભાગ
મગફળી = મગની શીંગ.
ખજૂર=ખજૂરીના ઝાડનું ફળ.
મામા=માના ભાઇ.
ખારેકી=એક જાતનો મેવો.
ભાણીઆ=ભાણેજ (છોકરાનું નામ.)

પાઠ ૪૦.

સાત વાર.

ચંદ્રમાનો=સોમનો, ચદ્રનો.
ઘણાખરા = ઘણાએક.
સરસ્વતી=વિદ્યા, ભણતર.
દિવસ =દહાડા, દિન.
ભણતર= વિદ્યા, સરસ્વતી.
વાર=અઠવાડીયાનો દહાડો.
નિશાળમાં = શાળામાં, વિદ્યાલયમાં.
છૂટી=રજા.
સુરજ = આફતાબ, સૂર્ય, રવી,
ચાલ=ચારો, મહેમા.

પાઠ ૪૧.

કાગડો.

જબરી=મજબુત.
વહાણામાં=સવારમાં
ગાંસ=વોસ.
ચરચાર=ચારચાર.
કીડા=એક જાતના-જીવડા.
કૂદતાં=નાચતાં.
ડોલતો=ઝોલાખાતો
જનાવર=જાનવર.
સાંજ=દીવા વખત.
લાંઠ=સુસ્ત્યો, ખંધો.
મેહેનતુ=ઉદ્યોગી.
માળો=પક્ષીનું ઘર.
ઓળખેછે=પારખેછે.

પાઠ ૪૨.

કાગડાવિષેકવિતા.

ભાળો=જુઓ.
કાગ=કાગડો.
પાંખાળો=પાંખવાળો.
રાગ=સ્વર, ઘાંટો.
રૂપાળો= રૂપવાળો, સુંદર.
કાંકરો=ઝીણોપથ્થર.
ચાંપે =તાકીને.
ચાહે=મરજી કરે.
હણવા=મારવા.
જલદી=ઝડપથી.
ચતુર=શાણો, ડાહ્યો.
માળો=પક્ષીને રેવાનું ઘર.
કોપ=ક્રોધ.
ચેતો=સમજી, જાણી.

પાઠ ૪૩.

સગાં ભાગ ૧.

પીતરાઇ = બાપની તરફનાં સગાં.
સાળીઓ = વહુની બેનો.
ગોળાઈ=ગોસાળતરફના.
બનેવી= બેનનો વર.
ભત્રિજો = ભાઈનો છોકરો.
માસો=માસીનોવર.
ભાણેજ=ભાણીઓ, બેનનો છોકરો.
ફૂઓ= બાપની બેન તે ફોઇ, ને તેનો વર તે ફૂઓ.

પાઠ ૪૪.
સગા ભાગ ૨.

જમાઇ = છોકરીનો વર.
સંપ સંપીને = હળી-મળીને.
સાવકાં = એક પુરૂષની બે સ્ત્રીઓના છોકરાં તે.
વેવાઇ = છોકરી છોકરાના સાસુસસરા.
ઓરમાઇ = બાપ એક ને મા જુદી તે.
વેવાણ = છોકરા છોકરીની સાસુ.
દુધભાઇ = આંગળીઓ.
બનતું નથી = સલાહસંપનથી રહેતો.

પાઠ ૪૫.
કાપડ.

ચોટું = બજાર.
ફડાવ્યું = ચીરાવ્યું.
ખાદી = એક જાતનું કપડું.
દોશીવાણિઆ = કાપડીઆ.
વાણોતર = મેહેતો, ગુમાસ્તો.
કાલે = બીજે દહાડે.
બાસ્તો = એક જાતનું જાડું કપડું.
સેલું = દુપટ્ટો
હાટ = દુકાન. બજાર.
બાજમ = શેત્રંજી.

પાઠ ૪૬.
બાર મહિના—ભાગ ૧.

દીવાળી = મોટા તેહેવારનો દહાડો, વેપારીઓ ચોપડા બદલેછે તે દીવસ.
રામનવમી = ચઈતર સુદ નોમ, જે દિવસે રામનોજન્મ થયો હતો તે.
શિઆળો = ટાઢના દહાડા, કારતક માગશર, પોશ, ને માહા.
ઉતરાણ = સંક્રાંતિ.
અખાત્રીજ = વૈસાખ સુદ ત્રીજ.
ઉનાળો = તાપના દહાડા, માહા, ફાગણ ચઇતર વૈશાખ અને જેઠના દિવસ.
વસંત =
વરસ = વર્ષ, બારમહિના.
ટાઢ = ઠંડ, હિમ.
પર્વ = તેવાર.
મહિના = માસ, ૩૦ દિવસ.
ત્યારકેડે = ત્યારપછી.

પાઠ ૪૭.
બાર મહિના.—ભાગ ૨.

ચોમાસું = ચાતુરમાસ, વરસાદના દહાડા, અશાડથી તે ભાદરવા સુધીના દિવસ.
પજુસણ = શ્રાવક ધર્મ પાળનારનાતેહેવાર, એદીવશે તેઓ કંઇ ખાતા નથી.
ગોકળઆઠમ = જન્માષ્ટમી, જે દીવસે ભગવાનનો જન્મ થયો તે.
શ્રાવણ = બાર મહિનામાંનો એક મહિનો.
પખવાડીયું = પંદરવાડીયું, અરધો માસ.

ગણપતિ ચોથ=ગણેશ ચોથ.
વરસાદ=મેહે.
શરાધીઆં= સરાધપક્ષના,પીતૃના મુવાના ભાદરવા વદ પડવાથી તે અમાસ સુધીના ચોકસદિવસ.
તિથિ=તારીખ,મીતી.
ઉતરતાં= જતાં, નીચે આવતાં.
દશરા= આશો મહિનામાં નવરાતર પુરાં થયા પછી બીજે દહાડે જે દશમ આવેછે તે.
મેળો=તમાશો, જાત્રા.

પાઠ ૪૮.

વાજાં.

વરઘોડો=સરઘસ.
દેવળ = દેહેરૂં, દેવસ્થાન, દેવાલય.
નાદ=સુર,રણકો,સાદ
સરણાઈ=તુરાઇ.
તતુડાં=પીપી.
ઝાંઝ=કીરતનીયા.
નગારાં=તાસાં.
ઝમકારો=ચમકારો, ઝબકારો.

ઘંટ=મોટીઘંટડીઓ
ભુંગલ=રણશીંગડાં જેવું.
કુંડાળું=ચકરડું.
ઘડીયાળ=જે સંચાથી બરાબર વખત જોવાયછે.
પખાજ=ગરદંગ, નરઘું
વાજાં=સતાર.

પાઠ ૪૯.

જન્મગાંઠ.

વરસગાંઠ= જન્મગાંઠ,જન્મ દિવસ.
રાધતાં=રાઇ દીધેલા ચીજો.
ઘરેણાં=સણગાર,દાગીનાં.
પેહેરાવ્યાં=ધારયાં.
બીડાં=પટીઓ, તંબોળ.
પાનસોપારી = પાન તથા સોપારી.
કંસાર=લાપસી.
અડાડયો= અડકાવ્યો.
કઢી=મસાલો નાખી ઉકાળેલી છાશ.
મંડયો=પડયો.

પાઠ ૫૦.

ચોખાઇ.

ઉતરાવી= કાઢી નાખવી.
સાબુ=ધોવાના કામમાં આવતી ચીજ,
દાતણ=દાતણકરવાની ઝાડની ડાળીતે.
શરીર =દીલ, અંગ,
ગુમડાં=ફોલ્લા,ગોડ, ચાંદાં.
ઉલ=વાસી જીભ ઉપરવળગેલી થુંક.
ફિકર=ચિંતા, અરે,
કોહો=ખસ.
ગંધાય=દુરગંધઆવે
ઘસવા=ચોળવા.
જાઓ=બાલમાં પાકતા એક જાતનાઝીણા જન્તુઓ.
મસળવું=ચોળવું.
શીખામણ = શીખ, સમજણ.
ગંદા=ગોજાં, મેલાં.
મો=મોહોડું, મુખ.
મેલ=કચરો.
સાજાં=સારાં,સોજાં.

પાઠ ૫૧.

રોટલો.

ઉપણે=છાબમાં ઉરાડે.
તાપ=તડકો.
લુઓ=લોંદો.
પાકવું=નિપજવું.
ઉથલાવીને=ફેરવીને, ઉધું કરીને.
કલેડું=ઠીકરાંની તાવડી.
લાડવા=લોટના મુઠીયાં વળીને કે ભાખરાને સેકી ભૂકો કરી અંદર ઘી ગોળ-ખાંડ નાખીને ગોળા કરેછે તે
લોઢી=લોખંડનું કલેડું.
ખેડવું=ખોદીને જમીન પોચી કરવી.
શેકવું=બાફવું.
અનાજ=ધાન્ય, દાણો.
ખેતર=અનાજ વાવવાને ખેડી સાફ કરેલી જમીનનો કકડો.
દળીને=પીસીને.
લોટ=આટો.
ઘડેછે=બનાવેછે.
મેર=બાજુએ,પાસે.
માગાબાલ=મારા દીકરા.

પાઠ ૫૨.

ભલાછોકરાનીવાત

ટીમણું=ઢેકો, ટીમું.
હીંચકા=ઝોલા, હીંચોળા.
ગભરાવું=અકળાવું, ગુચાવું.
કોણી=જે હાડકાના સાંધાથી હાથ નીચો ઉંચો વળેછે તે.
વારે=ફેરી,વારી,ખેપ
બઝાડીને=ભેટાડીને.
ખશેડયા=દુરકીધા.
ખૂબ=ઘણું.
ધરાવું= પેટ ભરાય ત્યાંસુધી ખાવું.
ભલા=સારા.
દયા=બીજાનુંદુખ મનમાં લાવવું તે.
ખવરાવ્યા= હીંચકા નાખ્યા.
રગડક=તકરાર.
વેગળા=દુર, આઘા.
પેટભરીને=ખુબ ધરાઈને.

પાઠ ૫૩.

ઊંદર.

કાતરી=દાંત કે કાતરે કાપવું તે.
લોક=માણસો.
સંતાઈ=છુપાઈ,ભરાઈ.
ચંચલ= ચપળ,હોંશિઆર,ચાલાક.
તરત=જલદીથી,ઉતાવળથી.
સર્વે=સઘળાં, સૌ.
ફૂકતો=ફૂંક મારતો.
ખૂણેખાચરે=ખૂણામાં, ખાંચામાં.
ભોંય-જમીન,ભૂ.
જબરા= જોરવાળા, મજબુત.
ચૂંકેચાંકરેનહીં=જરાએબોલે નહીં.

પાઠ ૫૪.

ઊંદર વિષે કવિતા.

રંજાડ = ગડબડાટ, તોફાન.
દીવટ=વાટ.
ધાડ=લુટ.
કપડાં=વસ્ત્ર, લુગડાં, ચીર.

આસાં=ઉંચાં,સારાં, કિમતી.
ઉપાય=ઈલાજ.
મની=બિલાડી. મંજારી.
પાર=છેડો, અંત.
વધ્યા=વસ્તા થઇ પડયા.
હારોહાર=હાર બંધ, ઘણાં.
ગડબડ=તોફાન,ઘોંઘાટ.
મહા=ઘણું,બહુ.
સુખ=ખુશી, આનંદ.

પાઠ ૫૫.

બકરી ભાગ ૧.

પાંદડાં=પાતરાં, પાન
સાંભરેછે=યાદછે.
બાપડી = ગરીબડી, બચારી.
ઓઢવું=ઢાંકવું.
વાળ=નીમાળા.
ટાઢ=ઠંડક.
ડીલ=શરીર, અંગ, દેહ.

પાઠ ૫૬.

બકરી—ભાગ ૨.

આંચળ=જાનવરની ધાઇ, થાન.
બાવણાં=નાહાનાં દૂધ પીતાં બચ્ચાં.
જોર=બળ,શક્તિ.
આખલો = ગોધો, સાંઢ.

પાઠ ૫૭.

પાણી.

ઝાડપાલો=વનસ્પતિ.
કૂવો= તળિયેથી પાણી નીકળે એટલો ઓદેલો જે ખાડો તે.
નદીઓ=સરીતા.
વાવ= મોહોટો કુવો.
મોળું=ફીકું,સ્વદ વાગરનું.
મીઠું=ગળ્યું, સ્વાદિષ્ટ.
ખારૂં=મીઠાના સ્વાદ જેવું.
તળાવ=ચારે પાસેથી બાંધી લીધેલો જે લાંબો પોહોળો પાણીનો ખાડો તે
શાથી=કોનાથી, શાવતે.
પાણી=જળ,નીર.

પાઠ ૫૮.

ચોરી.

બખોટી=મંજી, લાખની રંગેલી નાહની રમવાની ગોળી તે.
ઠરે=નક્કીથાય, સાબીત થાય.
મજાની=સારી,સુંદર
છાનોમાનો=ચુપચુપ
ખોટું=માઠું, ખરાબ, નઠારૂં.
ગમે=પસંદપડે,ચાહે
પારકી=પરાઈ,બીજાની.
ભુલીગયો=વીસરીગયો, ચુકીગયો.

પાઠ ૫૯.

ચોરી વિષે કવિતા.

મહીપતી=રાજા, ભૂપતી.
પસ્તાય=નાખુશથાય, દલગીર થાય
પાછળથી=પછવાડેથી, પુઠેથી.
ચાહન=જાહેર, ખુલ્લું, ઉઘાડું.
ઝલાય=પકડાય, સવાય.
નર= માણસ, પુરૂષ.

સમજી=અક્કલ રા-
ખી, વિચારી.
દુ:ખ=પીડા, વિપત્તી.
ફજેતી=ગેરઆબરૂ.

પાઠ ૬૦.
ઘર—ભાગ ૧.

આંગણું=ઘરના બા
રણા આગળની
ખુલ્લી જગ્યા.
અજવાળું=ઉજાસ,
તેજ, ચળકાટ.
પરશાળ=ઘરના ની-
ચલા આગલા.
ઓરડાનીજમીન.
પછીત= ઘરની પાછ
ળની ભીત.
ચોક=ઘરનાં આંગ-
ણાં આગળ ખુ-
લ્લામાં થાપેલી છો
ની ઓટલી તે.
ઓટલો=ચોતરો.
છીંડી=વાડમાંથી જ
વા આવવાનેપા-
ડેલું જે બાકું તે.
કરા=ભીત, દીવાલ.
મેડો=માળ.
અગાશી=ધાબું.
ઓરડા=ઘરનો ચો-
પાસ બંધીયાર એ
વો જે ભાગ તે.
ગેર=બાજુ, તરફ.
ભીત=દીવાલ, કરો.

પાઠ ૬૧.
ઘર=ભાગ ૨.

રસોડું=રાંધવાની જ
ગ્યા.
અંધારૂં=જેથી સુઝે
નહીં તે.
બારી= નહાનું બા-
રણું.
ગોખલા=કંઈ ચીજ
મુકવામે ભીતમાં
જે પોલાણહોય-
છે તે.
ભંડારીઆં=ભીત-
માં જડેલું કબાટ,
દોલાબ, હાટડાં.
રસોઇ=જમણ, ભોજ
ન, રાંધેલું તે.
ધુમાડીઉં= ચીમની,
ધુમાડો નિકળવાને
દેરી સરખું બ-
નાવેલું તે.
તાકાં= મોહટા ગો-
ખલા.
પાણીઆરૂં=પાણી-
નાં વાસણ મુક-
વા સારૂં ઊંચી
જગ્યા કરેલી તે.
ધુમાડો=ધુણી.
ચોકડી=નાનો ચોક,
ખાળ.
તાળું=બારણા વગેરે
દેવાનું લોઢાનું હ-
થિયાર.
ટાંકાં=વરસાદનું પા-
ણી ભરી મુકવાને
છોથી બાંધેલો
ખાડો તે.
ગોટાય=ભરાઇ રહે.
છો=મડીયા કાંકરાને
ભઠ્ઠીમાં પકાવેથી
ચુના જેવો પણ
ઝાંઓ સફેત પ-
દાર્થ બનેછે તે.
દાદર = પાટીઆંની
સીડી.
ઓટલી=નાનો ઓ-
ટલો.
જાળી= ઝીણાં ઝીણાં
કાણાં વાળી જે
ગુંથણતે.
ઝીલવું=પકડીલેવું.
નીસરણી = સાગની
કેવાંસની પગથીનો
બનાવેલો દાદર તે.

પાઠ ૬૨.
કૂકડી અને તેનાં બચ્ચાં.

ખડખડે=ખેનકાર વ

રતુના અડડાયાથી અવાજ થાયછેતે.
વહાણું=સહવાર.
છેડવું=અડકવું, અડવું.
દીપે=શોભે, ખુબસુરત દેખાય.
કૂકડી=મરઘી.
માંજર=કલગી, ફુમતું.
ભાતભાતના=તરેહવાર, જાતજાતના.
સેવે=પાળે.
પીંછાં=પીંછડાં.
ઉકરડા=કચરાના ઢગલા.
બીકણ=ધાસ્તીવાળો.
ધંધો=રોજગાર, ઉદ્યમ, વેપાર.
ખોતરવાની=ખોદવાની, ખણવાની.
ઘસવું=એક વસ્તુને બીજી સાથે ખુબ ઘસ્યા કરવું તે.
વળગવું=લાગવું.
કાયર=હેરાન, દુખી.
જાળવેછે=સાચવેછે.
રૂપાળો = શોભીતો, સુંદર.
ટેવ=ચાલ, આદત.

પાઠ ૬૩.

કીડીઓને સાપ.

ગણતો = ગણકારતો લેખવતો, પતકરતો.
વેર=અદાવત, દુશ્મનાઈ, દ્વેશ.
કીડી = એક ઝીણો જીવ.
જીવ=આત્મા.
ચગદી=છુંદી, કચડી.
લગારેક=જરા.
નાગ= એક જાતનો સાપ.
નબળા=દુર્બળ, શક્તિ વગરના.
છેલ્લીવારે=અંતે, છેડે, આખરે.
ચટકા=ડંખો.
છોલાયું= ઘસાયું, સોરાયું.
પ્રાણ=જીવ.
સાપ= એક જાતનું ઝેરી પ્રાણી.
ફેણ=સાપનું માથું.
પેર=રીત.

પાઠ ૬૪.

છોડવા—ભાગ ૧.

મૂળીઆં=જડીઆં.
વાટ=માર્ગ, રસ્તો.
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ.
જીવે= ટટારરહે, કરમાય.
ઓગળે=ગળે, પીગળે.
ડાળાં=શાખા, ઝાડના અવયવ.
છોડવા=રોપા, નાહનાં ઝાડ.
વેહ=છિદ્ર, કાણાં, નાહના બાકાં.
ફૂલ=પુષ્પ.
વાદળ=આકાશ.
કસ=રસ, તત્વ.
ફળ=લીલોમેવો.
વરસાદ=મેહ.
વેલા=વેલ.

પાઠ ૬૫.

છોડવા—ભાગ ૨.

લીલાં=તાજાં.
કચરો=કસ્તર, ધુળ, તણખલાં વગેરે.
કરમાઇને=સૂકાઇને.
સૂકાવું=કરમાવું.
સીંચીએ = રેડીએ, પાઇએ.
ટટાર=સીદા, પાધરા.
છાંટવું = છાંટાપડતું પાણી રેડવું.

તાજા=લીલા.
હાલ=અવસ્થા, દશા
મગ્ન=ઘણો, બહુ.

પાઠ ૬૬.

રીસાળ છોકરો.

રીસાળ=ગુસ્સો ચ-ઢે એવો, ક્રોધી.
રીસાયો=ગુસ્સે થયો, કોપ્યો.
ચેન=સુખ, આનંદ.
પીરસેલા=પુરેલી.
મુદ્દલ=જરાએ.
મેળો=તમાસો, જાત્રા.
વેદના=પીડા, દુ:ખ.
ભાંડુ=ભાઈ બેહન.
માલ=જીવ, દમ.
પૂણે=સાપ.
વીંછી= એકજાતનું ઝેરી પ્રાણી.
ટેવ=ચાલ, આદત.
બનેનહીં=બેસતી નહીં આવે.

પાઠ ૬૭.

ચકલી.

તણખલાં=તંખલાં.
ઈંડાં=જેમાંથી પક્ષી પેદાથાયછે તે.
રૂ=કાપુસ.
વસ્તુ=ચીજ, જણસ.
ગામ= જેમાં થોડાક જુપડાં હોયછે તે.
આપ્યું=બખ્યું.
માળા=પક્ષીનું ઘર.
રઝળીને = રખડીને, રવડીને.

પાઠ ૬૮.

સૂરજ.

પાલા=વનસ્પતિ.
સૂરજ =સૂર્ય, રવી, ભાણ.
ઝાંઝવાં= અંધારાં.
ગરમી=ઉકળાટ,ઘામ
તેજ=પ્રકાશ, ચળકાટ, ઝળકાટ.
નીપજવું= ઉપજવું, પેદાથવું.
ધાન્ય=દાણો, અનાજ, અંન.
સર્વે=સઘળાએ, બધાએ.
મેવા=ફળ.
જણે=માણસે, આદમીએ.
કશું=કંઈપણ.

પાઠ ૬૯.

છોકરો ને વાઘ.

બગાડ=નુકસાન.
ગભરાઈ=ગુંચવાઈ, અકળાઈ.
ધાજો=દોડતા આવજો.
છેતરવું=ઠગવું.
સીમમાં=હદમાં.
આસપાસ = ચારેતરફ, ચોપાસ.
ખેતરવાળા=ખેડુત.
ખેડૂત=ખેડનારા.
અમથી=નકામી.
શરમાઈ=લજવાઈ.
નુકસાન=બગાડ.
છેતર્યા=ઠગ્યો.

પાઠ ૭૦.

બે કૂતરાની વાત.

ઘુરકવું=ગુસ્સામાંડોળા કાઢીને જોવું.
લોહીલોહાણ=લોહીલોહી.
પામીએ = ખમીએ, મળે. [તે.
બચકાં= ડાફાં,કડવું
ભસવું=કુતરાનું બોલવું.
તૂટીપડવું=હુમલોકરવો.
ગરીબ=નાચાર.
સોબત=સંગત.
લાગફાવે=તક આવે

પાઠ ૭૧.

ભાઈબેન.

પજવીએ=સંતાપીએ, દુખ દઈએ.
હળીમળીને=એકસંપ કરીને.
ઉગામીએ= ઉપાડીએ, ઉઠાવીએ.
દુખાય=પીડાય.
માંહોમાંહે= અરસપરસ, એકબીજા પર.
રાજીથવું=ખુશીથવું
હેત=વાહાલ, પ્યાર.
મન=જીવ,ઇચ્છા.
રહો=વસો.

પાઠ ૭૨.

ઈશ્વરે બધું કીધું છે.

ઝગઝગાટ=ચળકાટ, ઝળકાટ, પ્રકાશ.
પૃથ્વી=ધરતી, જમીન, દુનીઆ.
વહાલો=પ્યારો, સારો.
ઘોર=ભયંકર બીહામણું.
ચીજ= વસ્તુ,પદાર્થ
ગગન=આકાશ, આભ, આશમાન.
ઊંચો=ઊંચું ઠેકાણું હોયત્યાં.
પરમેશ્વર=પ્રભુ,ઇશ્વર.
રોજ=હંમેશ,દરરોજ નિત્ય.
ચળકતી= પ્રકાશિત.
શી=કઇ.
નીપજેછે=પેદાથાયછે, ઉત્પન થાયછે.

પાઠ ૭૩.

ઈશ્વરનો મહિમા.

કરનાર=બનાવનાર, પેદાકરનાર.
આમલી=જેને આમલી થાયછે તે ઝાડ.
જગ=દુનીઆ,જગત
કોઠી=જેને કોઠાં થાયછે તે ઝાડ.
સરજનાર= સરજાવનાર, પેદાકરનાર.
આંબો=જેનાપર કેરીથાયછે તેઝાડ.
મહીમા=મોટાઇ, પ્રતાપ.
તારા=નક્ષત્ર.
ભજવા=પ્રાર્થના કરવી, સેવવા.
દેવ = ઈશ્વર, પ્રભુ, પરમેશ્વર,
તાડ=તાડીનું ઝાડ.

પાઠ ૭૪.

નિશાળ.

રંગત=રંગેલી.
વતરણું=પાટલાઉપર લખવાનીલાકડાની કલમ.
તૈયાર=હાજર.
સો=૧૦૦,સેંકડો.
એકડેએક= ૧(એક)
સ્લેટ=પથ્થરપાટી.
પોતીઆં=ધોતીઆ
મોઢે=મોહડે, મુખે.
ખડી = એકજાતની મટોડી.
પાટી=લાકડાની લખવામાટે બનાવેલી તે.
ધૂળ = જમીનના ઘસારાથી થતો ભૂકો, રચકણ.
ફિકર=ચિંતા.
જી=મા, માતા.
જાળવીને= સંભાળીને, તપાસીને.
મંજાવી=ઘસાવી,ઘોઇ નંખાવી.
વાટીને=ચુરો કરીને ભૂકો કરીને.

પાઠ ૭૫.

પાટી.

ચીતારો=ચિતરનાર.
હિરાકસી=એકજાતનો ભુકો જેથીપાટી કાળી થાયછે.
ચડાવતો=લગાવતો
ભાઇબંધ = દોસ્ત, મિત્ર.
ખડીઓ= શાઇભરી રાખવાનું માટોડી કે કાચનું વાસણ.
શાહી=રૂશનાઇ,સહી.
હરડાંબેડાં=એક જાતનાં ફળ.
બરૂ=જેની કલમ થાયછે તે.
હસેછે=મશકરી કરેછે
ભટ=બ્રાહ્મણ.

પાઠ ૭૬.

ધનતેરશ.

બાજુબંધ
છવીટીઆં
સાંકળાં=
પોંચી=
કંદોરો=
બેરખી=
ચોકડાં=
} જાતનાં ઘરેણાં બૈરાંઓનાં.

બાજઠ= ચોરસપાટ, બાંક.
ધનતેશર=આશોવદ તેરસ, જે દીવસે ધનની લોક પુજા કરેછે તે.
વાનાં= વસ્તુ, ચીજ
એકોટી= કાને પેહેરવાનું ઘરેણું.
તુસીપાટીઆં= બૈરાં ઓડેકેજે વેલનાં પાટીઆંપેહેરેછેતે
ટુંપીઓ=ગળચવો.
કડાં=હાથે પેહેરવાનું ઘરેણું.
વીંટી=આંગળાપરપેહરવાનું ઘરેણું.
બાઈડીઓ=સ્ત્રીઓ.

પાઠ ૭૭.

સોનું ને લોઢું.

ખીલા=ઉપર ચપટું માથું અને નિચે અણી હોય તેવી ધાતુની સળી.
સોનેરી=સોનેરી રંગની.
પાણી=જળ, નીર,
કિંમત=ભાવ, દામ.
બૂટ્ટા=ટપકાં.
હળપુણી=હળનો લોખંડનો દાંતો.
કિનખાબ= રેશમને કસબથી ભરેલું કપડું.
નકુચા=બાકાંવાળો ખીલો.
પાવડો=એક જાતનું માટોડી, અથવા કચરો કહાડીનાખવાનું હથીયાર
સાંકળ=ધાતુની ઝીણાઝીણા આંકડા જોડી બનાવેલી તે.
હળ=જમીન ખેડવાનું હથીઆર.
કસબ =રેશમ સાથે વણેલો સોના રૂપાનો તાર તે, તારો.
કોદાળી=એકજાતનું જમીનખોદવાનું હથીયાર.
પાર=ઘણુંજ, બેહદ,

પાઠ ૭૮.

ડોકું.

હડપચી=દાઢી.
બોચી=ગળાનો પાછલો ભાગ.
ચોટલો=બૈરાંનાં માથાપર જે લાંબાવાળ હોયછે તે.

ગાંસડી=બચકી, પોટલી.
ડોકું=ગળાથી તે માથાસુધીનો ભાગ.
હોઠ=મુછની નીચેનો ને હડપચાંની ઉપરનો ભાગ તે.
લમણા=ગાલની આગળપાછળનાબે ભાગ
મોખરે= આગાડી, બાહાર પડતું.
ધડ=ડોકાની નીચેનો ભાગ.
વાના=વસ્તુ. ચીજ.
ખાબરી=બોચીપરની આગલાવાળ હોયછે તે.
ચોટલી=માથાપરના વાળ.
મજૂર=હેલકરી.

પાઠ ૭૯.

ધડ.

ધડ=ગળાથી તેપગસુધીનો શરીરનો ભાગ.
બગલ=કાંખ, ખભાની વચેનો ખાડો.
પેડું= પેટની વચેનો ભાગ.
તળીઉં=પગનો નિચલો ભાગ.
વાંસો=પીઠ.
કેડો=કંબરો.
ગાળો=વચમાંની ખાલીજગ્યો.
એડી=પગની પાટલીનો જે સહુથી પછવાડેનો ભાગ તે.
ઢીંચણ=ઘુટણ.
પછવાડે=પાછલ, પુઠે.
થાપા=કંબરની ડાબી જમણી બાજુનો નીચલો ભાગ.
ઘુંટી=પગની પાટલી અને પગના નળાનો સાંધો તે.
ખભા=ખાંધ, બગલની ઉપરનોભાગતે.
કાંડું=પોંહોંચો, પંજો.
સાથળ=જાંગ.
કાંખ=બગલ.
હાથેલી=કાંડાનીનીચેનો અનેઆંગળાનીઉપરનો ભાગ.
નખ=આંગળાની છેડેનો સપેટ ભાગ.
નળી=પગનાં હાડકાં
છાતી=ગરદનની નીચેનોનેપેટની ઉપરનો બાહારપડતોજેભાગ

પાઠ ૮૦.

નઠારી સોબત.

આંબાવાડીઉં=જેમાં ઘણા કેરીના ઝાડ છે તે જગા.
રખવાળ=તપાસ કરનાર, ચોકી કરનાર.
ટપેયાં=માયાં, ઠોકયો
પોહોંચ્યો= આવી પોંહોતો, આવીલાગ્યો
ઝાંપો = ગામમાં જવાનો દરવાજો.
કેરી=આંબાનું ફળ.
માર્ગમાં=રસ્તામાં.
હીંડ=ચાલ
સોબતમાં=સંગતમાં
વલે=હાળ, દશા, અવસ્થા.

પાઠ ૮૧.

સંગત.

સંગ=સોબત, સાથ.
પ્રેમ=પ્રીત, હેત, વાહાલ.
ઠામ=ઠેકાણું, સ્થળ.
ભાગ્યશાળી=નસીબવાળો.
વિદ્યા=સરસ્વતિ.
બુરો=નઠારો, ખરાબ

ડરશે=થોભશે, અટક
રડો=સારો. [શે.
મેહેતો=ગુરૂ,મેહેતાજી

પાઠ ૮૨.

ખાંડની જણસો.

જલેબી=એક જાત નો ખાવાનોમીઠો પદાર્થ.
ભાખરા=રોટલા.
પોર=ગએ વર્ષે
ભાણે=આશને,ઠામે
પકવાન=ઘેભર, જલેબી, લાડવા, ખાજાં વગેરે ને કેહેછે.

પતાસા હારડા	ખાંડની ચાસણી થીબનતા પદાર્થ.

બરફી=દુધથીબનતી એકજાતનીમીઠાઈ.
નાતમાં=જાતમાં.
હોળી=હિંદુ લોકનો તેવાર, ફાગણસુદ પુનેમ.
ઘેબર=એક જાતની મીઠાઈ.

પાઠ ૮૩.

એક કૂતરાની વાત

ખાતર=ઘરમાં પેસવા સારૂં ચોર લોક ભીંતમાંબાકૂં પાડેછે તે.
ઓતરવું=ખણવું.
વણજારૂ=ધાટી.
નજર=ધ્યાન.
દાટવું = જમીનમાં ખાડોઓદી છુપું મુકવું તે.
ધન=પૈસો, દોલત.
હાયહાય= અરેઅરે.
ધણી=શેઠ.
સમજે = સમજણ, સાર.

પાઠ ૮૪.

ફેરીને શાકરની વઢવાડ

મેળાપ=એકઠાંથવું તે.
ચડભડી=વઢી.
જમણ=ભોજન,મિષ્ટાન.
અથાણું=આથણ્યું, આચાર.
શેખી=પતરાજી, ધ.તરાજી.
વઢવાડ=લડાઈ.
ખરીદવું = વેચાતું લેવું.
જણીઓ= સ્ત્રીઓ.
રડપું ખડપું=રઝળતું રખડતું.

સામટો=એકઠો.
હાલ્લું=ઠીકરાનું વાસણ, માટલું.
ભેગું = એકઠું. સામટું.
મોધું=ભારી કિંમતનું.
સાહુકાર=શેઠ, ભરોસા જોગું માણસ.
લેખું=ગણતરી,હિસાબ.
ઘાટો = ગળામાંથી નિકળતો અવાજ, સાદ.
રાજા=ગામનોધણી, રાણો.
પડાને=.ખાઈને.
વિચાર=અભિપ્રાય. મનસુબો.
વિના=સિવાએ.
વેળા=વખત, સમય.
ભાવે=કિંમતે, દામે.
સંભારીને=યાદકરીને.
ખપ=ગરજ.

પાઠ ૮૫.

સમડીને વાઘરી.

જોળ=પાસ.

કરગરવું = કકલવું, કાલાવાલાકરવા.
સમડી=એક જાતનું પક્ષી.
વાઘરી= પક્ષીપકડનાર.
મરડવું = મચડવું, આમળવું.
ઠુચી=ઠગ.
અમથો=નકામો,વ્યર્થ.

પાઠ ૮૬.

બળદને દેડકું.

બીડમાં = ચરવાની જગ્યામાં.
મગત=હદ, બોહોંસ.
ફૂલાવવું=પથરાવવું, મોટું કરવું.
ગજું=ગુંજાસ, શક્તિ.
તાલેવર=તવંગર,પૈસાદાર.
બરોબર= સરખાઇ.
ખરચખૂટણ=પરચુરણ ખરચ.
ચંપાઇને=દબાઇને.
પેઠે=માફક.

પાઠ ૮૭.

કૂતરાનીબીજીવાત

આડોશીપાડોશી=પાસે રહેનાર.
જાગવું=નઊંઘવું,નસુવું.
ગુણ=પાડ, ઉપકાર, આભાર.
ફાવ્યું=લાગઆવ્યો.
ચોકીમાં=ચબુતરામાં.
જાળવ્યું = તપાસ્યું. સાચવ્યું.

પાઠ ૮૮.

મેળો.

કંદોઇ=મીઠાઇ વેચનાર, સુખડીઓ.
લાકડાના=કાષ્ટના.
ખડકીમૂકવું=બરોબર ગોઠવી મૂકવું સીચીં મૂકવું.
ચોસલાં= ચાર ખુણાનાં ચાકાં.
શાકરીઆચણા = ખાંડપાએલાચણા
કથરોટ=લાકડાં પિત્તલ કે તાંબાની મોટી થાળી.
રમકડાં = રમવાની ચીજો.

ચકરડી=ફીરકી.
પાલખી=એકજાતનું. બેસવાનું વાહન.
ઠઠેટોળું,ગરદી.
મૂકવું=મેહેલવું.
ઘુઘરા=ખાવાનો પદાર્થ.
સામાન=પદાર્થ.
મેળો=તમાશો.
ભેગાં=એકઠાં, સામટાં.
કોપરાપાક=કોપરાની ચીરને ખાડની ચાસણીમાં ભેળીને બનાવેલો ખાવાનો પદાર્થ.
વોહોરો= મુસલમાનનોધર્મપાળનારી એક જાત,હોરો.

પાઠ ૮૯.

અનાજ.

પંચરાઉ= પાંચતરેહેના.
કોદરા=એક જાતનુ અનાજ.
તૂવેર= આખીદાળ.
નાગલી, મકાઇ=, લાંગ=, બંટી= } એક જાતનું અનાજ.

મસૂર=, વટાણા=, રાજગરો=, બાજરો= } દાણાંનાં નામ

ફરાળ=ફળનો આહાર.

અપવાસ= લાંઘણ, ભુખ્યા રેહેવું.

ખવરાવેછે= ખાવા આપેછે.

નાગલી=એક જાતનું અનાજ.

ડાંગર=ભાત.

પાઠ ૯૦.

તેલ જેમાંથી નિકળેછે તે જણસ.

ઘાંચી= તેલ દીવેલ વેચનાર.

કણઝીઊં= કણજાનાં બીનું તેલ.

ઘાણી=તેલદીવેલપીલવાનો સાંચો.

સરસીઊં= સરસવનું તેલ.

ફોલ્લા=ગુમડાં.

પીલવું=પીસવું.

સઘળા=બધા, સર્વ.

સરસવ, ડોળીઉં } જેમાંથી તેલ નીકળેછે

એરંડી=દીવેલી.

ખોળ=તલપીલતાં જે કુચા રેહેછે તે.

દિવેલ=દીવેલીને પીલ્યાથી જે નિકળેછે તે.

ડોળી=જેમાંથી ડોળીયું નિકળેછે તે.

તલ = જેમાંથી તેલ નિકળેછે તે.

સ્વાદ= રસ, લેહેજત.

કૂચો= દાંતથી ચાવીને વસ્તુના રસ ચુસી લઈ બાકી રહેલા જે તેના રેસા તે.

ઢોર=ગાય, ભેંસ વગેરે

પાઠ ૯૧.

દીવાળીની હકીકત.

કાચું કોરૂં=રાંધ્યા વીનાનું.

ખંખેરી= ઝટકી, ઝપટી.

સંજોરી=ઘારી.

ખરખરીને=કકડીને

દારૂખાનું=આતસબાજી.

શીરા= રવાને ઘીમાં સાંતળી પછી ખાંડ કે ગોળનું પાણી રેડી મેળાવી કરેછે તે.

ગેરૂ = એક જાતની લાલ માટોડી.

ફૂલકરણી=ફુલબાજી

જાળાં= કરોળીઆંના ઘર.

ટેટા=ટોટા.

બચકો=ગાંસડો.

ફટાકા= ભડાકીઆ,

ઊધૈ ખુંધૈ=કાગળ-લુગડામાં જે ધોળા જીવ થાયછે તે.

મઠીઆં= મઠ વટાણાની પુરી.

પેટારો=મોટી પેટી,

છુછુંદરા= છુછુંદરીઓ.

કંસાર=લાપસી.

છોડેછે=ફોડેછે.

લીપેછે=ચોપડેછે.

ચુનો=ચાક, કેટલાક પથ્થર અને છીપ કાંકરીઓ બાળ જેથી જે સફેત વસ્તુ પેદા થાયછે તે.

મીનો=કેફ.

ઘુઘરા=એક જાતનો ઘારીના જેવો પદાર્થ.

પુરી= એક જાતની ઘઊંના લોટની બનાવેલી ખાવાની ચીજ.

જમણ=ભોજન.

હકીકત = હેવાલ, બયાન.